Extra No. 179 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LII] THURSDAY, JUNE 23, 2011/ASADHA 2, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

શિક્ષણ વિભાગ,

જાહેરનામુ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૧.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨.**

**ક્રમાંક : જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-જી** :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની પસંદગી કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા.-**

આ નિયમો, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્ય (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૧ કહેવાશે.

૨. વ્યાખ્યા.-

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) " સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ખ) "રજિસ્ટર થયેલી ખાનગી શાળાઓ" એટલે સરકાર પાસેથી સહાયક અનુદાન મેળવતી બિન-સરકારી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ;

(ગ) "પસંદગી સમિતિ" એટલે નિયમ ૩ હેઠળ રચાયેલી સમિતિ;

(ઘ) "જૂનો શિક્ષક" એટલે રજિસ્ટર થયેલી ખાનગી શાળામાં અગાઉથી જ સેવામાં હોય અને નિયમિત શિક્ષક તરીકે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોય અને અન્ય ખાનગી શાળામાં નવી નિમણૂક માટે અરજી કરી હોય તેવો શિક્ષક;

(ચ) "શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)"એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સંચાલિત શિક્ષક અભિરૂચિ કસોટી;

(છ) "પરિશિષ્ટ" એટલે આ નિયમોને જોડેલું પરિશિષ્ટ.

**૩. પસંદગી સમિતિની રચના.-**

(૧) "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ" તરીકે ઓળખાતી એક પસંદગી સમિતિની રચના કરવામાં આવશે.

(૨) પસંદગી સમિતિ નીચેના સભ્યોની બનશે:-

| | | | |
|---|---|---|---|
| (૧) | કમિશનર, મધ્યાહ્ન ભોજન અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | ... | અધ્યક્ષ, હોદ્દાની રૂએ; |
| (૨) | ઉપાધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. | ... | સભ્ય, હોદ્દાની રૂએ; |
| (૩) | સરકારે નિમણૂક કરવાના, નાયબ સચિવથી નીચલા દરજ્જાના ન હોય તેવા એક સિનિયર સરકારી અધિકારી. | ... | સભ્ય |
| (૪) | સરકારે નામનિયુકત કરવાના, બે નામાંકિત શિક્ષણશાસ્ત્રી. | ... | સભ્ય |
| (૫) | સરકારે નામનિયુકત કરવાના, શાળા સંચાલનના માન્ય એસોસિયેશનના એક પ્રતિનિધિ. | ... | સભ્ય |
| (૬) | સંયુકત શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ... | સભ્ય |

(૩) સંયુકત શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, પસંદગી સમિતિના સભ્ય-સચિવ રહેશે.

**૪. શિક્ષકો અને આચાર્યની પસંદગી બાબત.-**

પસંદગી સમિતિએ, રજિસ્ટર થયેલી ખાનગી શાળામાં શિક્ષકો અને આચાર્યની જગા પર નિમણૂક માટે, રજિસ્ટર થયેલી ખાનગી શાળામાં શિક્ષકો અને આચાર્યની નિમણૂક માટે આ નિયમોની જોગવાઈઓ અનુસાર લાયક હોય તેવી વ્યકિતઓમાંથી પસંદગી કરવી જોઈશે.

**૫. પસંદગી સમિતિની ફરજો અને કાર્યો.-**

(૧) પસંદગી સમિતિએ,-

(ક) જેના માટે ભરતી કરવાની હોય તેવી આચાર્ય અને શિક્ષકોની જગાની સંખ્યા જિલ્લા શિક્ષણ અધિકારીઓ પાસેથી નકકી કરવી જોઈશે. તેમ છતાં, જિલ્લા શિક્ષણ અધિકારીઓએ શિક્ષકો અને આચાર્યની ખાલી જગા ભરવા માટે માંગ-પત્ર મોકલવું અનિવાર્ય રહેશે;

(ખ) રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા ગુજરાતી અને અંગ્રેજી વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા અરજીઓ મંગાવવી જોઈશે;

(ગ) મળેલી અરજીઓની ચકાસણી કરવી જોઈશે;

(ઘ) સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને અને સંબંધિત શાળાઓના સંચાલક મંડળને નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારોના નામની ભલામણ કરવી જોઈશે;

(ચ) ભલામણોનું રેકર્ડ નિભાવવું જોઈશે;

(છ) શિક્ષણ વિભાગમાં તેના દ્વારા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ સરકારને રજૂ કરવો જોઈશે;

(જ) સરકાર દ્વારા વખતોવખત, તેને સોંપવામાં આવે તેવા બીજા કાર્યો માટે જવાબદાર રહેવું જોઈશે.

**૬. પસંદગી સમિતિનું મુખ્ય મથક.-**

પસંદગી સમિતિનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે.

**૭. નિમણૂક માટેની લાયકાત.-**

શિક્ષક અથવા આચાર્ય તરીકેની નિમણૂક માટે લાયક બનવા માટે ઉમેદવાર-

(ક) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ની જોગવાઈઓ અનુસારની શૈક્ષણિક લાયકાતો અને વય ધરાવતો હોવો જોઈશે, અને

(ખ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે :

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના હોય તેવા ઉમેદવારોની અને મહિલાઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

**૮. માગયાદી તૈયાર કરવા બાબત.-**

(૧) માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યએ, નવી ઉભી કરેલી જગાઓ અને નિવૃત્તિ, રાજીનામું વગેરેના કારણસર આગામી શૈક્ષણિક વર્ષમાં ખાલી પડવાનો સંભવ હોય તેવી જગાઓ સહિત અન્ય કોઇપણ કારણસર ખાલી પડતી જગાઓની કુલ સંખ્યા દર્શાવતી માગયાદી વર્ષમાં બે વાર, ૧૫મી જૂન અને ૧૫મી નવેમ્બર પહેલાં જિલ્લા શિક્ષણ અધિકારીને મોકલવી જોઇશે. ખાલી જગાઓની સંખ્યા ગણતી વખતે, જૂના શિક્ષકોની બદલીથી અથવા વિદ્યા સહાયકની નિમણૂકથી ભરવાની જગાઓને ધ્યાનમાં લેવી જોઇશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના હોય તેવા ઉમેદવારો અને મહિલાઓ અને શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવારો માટે અનામત રાખવાની જગાઓની સંખ્યાની ગણતરી સરકારના હુકમો અનુસાર કરવી જોઇશે.

**૯. શિક્ષક અથવા આચાર્યની જગા માટેની અરજી કરવા બાબત.-**

(૧) શિક્ષક અથવા આચાર્યની જગા માટેની અરજી કરવાનો ઇરાદો ધરાવતા ઉમેદવારે, જાહેરખબરમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા નમૂનામાં, તેટલી ફી સાથે અને તેટલી સમયમર્યાદામાં પસંદગી સમિતિને અરજી સાદર કરવી જોઇશે.

(૨) એક વાર ચૂકવેલી ફીની રકમ પરત કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષા માટે મોકૂફ રાખવામાં આવશે નહિ.

(૩) અરજી પત્રક પાછું ખેંચી લેવા માટેની અને ફીની રકમ પરત કરવા માટેની વિનંતી કોઇપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**૧૦. અરજીઓની ચકાસણી કરવા બાબત.-**

પસંદગી સમિતિએ અરજીઓની ચકાસણી કરવી જોઇશે અને આવી ચકાસણી માટે સમિતિ પોતે યોગ્ય ગણે તેવી કાર્યરીતિ અપનાવી શકશે.

**૧૧. પસંદગી યાદી તૈયાર કરવા બાબત.-**

(૧) (ક) પસંદગી સમિતિએ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષમાં ઓછામાં ઓછી એક વાર લેવામાં આવનાર શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)માં સંબંધિત ઉમેદવારે મેળવેલા ગુણના ૭૦% ભારાંકન (weightage) ગુણને આધારે યાદી તૈયાર કરવી જોઇશે.

(ખ) સંબંધિત ઉમેદવારે, શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)માં મેળવેલા ગુણ પરિણામની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી માન્ય રહેશે.

(ગ) શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)માં ૫૦% ગુણ મેળવનાર ઉમેદવારને, શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) ના ભારાંકન માટે લાયક ઉમેદવાર ગણવો જોઇશે.

(ઘ) ઉમેદવારને, શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માટે વધુમાં વધુ ત્રણ પ્રયત્નોની છૂટ આપવામાં આવશે. ઉમેદવાર પ્રથમ પ્રયત્ન કર્યા પછી, પ્રથમ પ્રયત્નના પરિણામની તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર બીજો અથવા ત્રીજો ક્રમિક પ્રયત્ન કરશે તો ઉમેદવારે તેવા પ્રયત્નમાં મેળવેલા ગુણના સરેરાશ ગુણને, પરિશિષ્ટ ૨માં સ્પષ્ટતા કર્યા મુજબ, પસંદગી યાદી તૈયાર કરવામાં ધ્યાનમાં લેવામાં આવશે.

(૨) સંબંધિત જગા માટે નિયત કરેલી શૈક્ષણિક લાયકાતમાં મેળવેલા ગુણમાંથી ગુણનું ભારાંકન ૩૦% રહેશે.

(પરિશિષ્ટ ૨નું ઉદાહરણ જુઓ)

(૩) ૩૦% ભારાંકન (ગુણભાર) (weightage) ના હેતુ માટે, લાયકાત માટેના મહત્તમ ગુણ પરિશિષ્ટ ૧માં ઠરાવ્યા પ્રમાણેના રહેશે.

(૪) પસંદગી સમિતિએ, ઉપરના પેટા-નિયમો (ક) અને (ખ)માં જોગવાઈ કર્યા પ્રમાણે, સંબંધિત ઉમેદવારોએ મેળવેલા ગુણના આધારે, વિષયવાર અને કક્ષાવાર યાદી તૈયાર કરવી જોઈશે.

(૫) પસંદગી સમિતિ, પેટા-નિયમ (ઘ) હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે, કસોટીના અંતે દરેક ઉમેદવારને આપેલા કુલ ગુણના આધારે, ગુણવત્તા ક્રમમાં, પસંદગી સમિતિએ જાહેરાતમાં આપેલી જગાની સંખ્યાની મર્યાદામાં સફળ ઉમેદવારોની યાદી તૈયાર કરવી જોઈશે.

(૬) પસંદગી સમિતિએ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને મહિલાઓ માટે અનામત રાખેલી ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, આવી કક્ષાના સફળ ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરવી જોઈશેઃ

પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અથવા યથાપ્રસંગ, વિચરતી આદિજાતિ અને વિમુકત આદિજાતિના જરૂરી સંખ્યામાં ઉમેદવારો, સામાન્ય કક્ષા માટે નકકી કરેલા કુલ લાયકી ગુણના આધારે પાત્ર ન ઠરે, ત્યારે પસંદગી સમિતિ, આ અનામત જગામાં પડેલી ખોટ પૂરવા માટે કુલ લાયકી ગુણનું ધોરણ હળવું કરી શકશે.

(૭) પસંદગી સમિતિએ, ઉપરના પેટા-નિયમો (૨) અને (૩) હેઠળ તૈયાર કરેલી સફળ ઉમેદવારોની યાદીના લગભગ ૧૦% જેટલી સંખ્યામાં ઉમેદવારોના નામ દર્શાવતી, વિષયવાર અને કક્ષાવાર પ્રતિક્ષા યાદી તૈયાર કરવી જોઈશે.

(૮) પેટા-નિયમ (૭)માં ઉલ્લેખાયેલી પ્રતિક્ષા યાદી, પરિણામની જાહેરાતની તારીખથી બે વર્ષની મુદત સુધી અથવા બીજી પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખ સુધી, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૯) પ્રતિક્ષા યાદીનો નીચેના સંજોગોમાં અમલ કરી શકાશેઃ-

(૧) પસંદ થયેલા ઉમેદવારના ઠરાવેલી સમય-મર્યાદામાં હાજર ન થવાના કારણે, આચાર્ય અથવા માધ્યમિક શિક્ષક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની જગા ન ભરાય.

(૨) પસંદ થયેલો ઉમેદવાર કોઈ પણ કારણસર નિમણૂક માટે ગેરલાયક ઠર્યો હોય.

**૧૨. લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી યાદી.-**

(૧) પસંદગી સમિતિએ નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ ભાગમાં પસંદગી યાદી તૈયાર કરવી જોઈશે :-

ભાગ ૧. લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી યાદી ગુણવત્તા ક્રમમાં ગોઠવવી જોઈશે, જેમાં ઉમેદવારોના નામ, અરજી ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરેલા હોવા જોઈશે.

ભાગ ૨. નિયમ ૧૧ના પેટા-નિયમ (૭)ની જોગવાઈઓ અનુસાર ગુણવત્તા ક્રમમાં તૈયાર કરેલી પ્રતિક્ષા યાદી, જેમાં ઉમેદવારોના નામ, અરજી ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરેલા હોવા જોઈશે.

ભાગ ૩. ભાગ-૧ અને ભાગ-૨માં સમાવિષ્ટ કરેલા ન હોય તેવા લાયકાત નહિ ધરાવતા ઉમેદવારોની યાદી, જેમાં ઉમેદવારોના નામ, અરજી ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરેલા હોવા જોઈશે.

(૨) પસંદગી સમિતિએ, પરિણામના ત્રણેય ભાગ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અધિકારીઓની તમામ કચેરીના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવા જોઈશે.

(૩) પસંદગી સમિતિએ, પોતે નકકી કરે તેવી રીતે, લાયકાત ધરાવતા ઉમેદવારોને વ્યકિતગત રીતે પરિણામની જાણ કરવી જોઈશે. પસંદગી સમિતિએ પરિણામની જાણ કર્યા પછી, કોઈ પણ ઉમેદવાર સાથે આ સંબંધમાં કોઈ વધુ પત્રવ્યવહાર કરવો જોઈશે નહિ.

**૧૩. ઉમેદવારની નિમણૂક.-**

(૧) પસંદગી સમિતિએ, પસંદ થયેલા ઉમેદવારોને, શૈક્ષણિક લાયકાત અંગેના, જન્મ તારીખ અંગેના, જ્ઞાતિના પ્રમાણપત્ર અને તેવા બીજા દસ્તાવેજોની ખરાઈ કરવા માટે બોલાવવા જોઈશે. પ્રમાણપત્રોની ખરાઈ કરવાનું કાર્ય પસંદગી યાદી જાહેર થયાની તારીખથી બે મહિનાની અંદર પૂરું કરવું જોઈશે.

(૨) પસંદગી સમિતિએ, ખાલી જગાની યાદી પસંદ થયેલા ઉમેદવારોને મોકલવી જોઈશે અને આવા ઉમેદવાર પાસેથી વિકલ્પ મંગાવવા જોઈશે. પસંદગી સમિતિએ, પસંદ થયેલા ઉમેદવારના વિકલ્પ અને આ હેતુ માટે યોજવામાં આવેલા કેમ્પમાં ગુણવત્તા યાદીમાંનું તેનું સ્થાન વિચારણામાં લઈને, તેને નિમણૂકની જગા આપવી જોઈશે.

(૩) જો પસંદ થયેલ ઉમેદવાર, નિમણૂકના હેતુ માટે યોજવામાં આવેલ કેમ્પ ખાતે અથવા પ્રમાણપત્ર ચકાસણી માટે નિર્દિષ્ટ કરેલ તારીખે અને સમયે હાજર ન થાય તો તેની પસંદગી માટે પાત્ર ગણાશે નહિ અને તેનું નામ પસંદગી યાદીમાંથી કમી કરવામાં આવશે. પસંદગી સમિતિ આ બાબતમાં વધુ કોઇ પત્ર વ્યવહાર કરશે નહિ.

(૪) પસંદગી થયેલ ઉમેદવારની નિમણૂક માટેનો ફાળવણી પત્ર પસંદગી સમિતિ દ્વારા તેના પોતાના કેમ્પમાં કાઢી આપવામાં આવશે અને તેની નકલ સંબંધિત રજિસ્ટર થયેલી ખાનગી શાળાને સંબંધિત ઉમેદવારની નિમણૂક માટે મોકલશે અને એજ નકલ સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને ફાળવણી પત્રનાં અમલ માટે યોગ્ય પગલા લેવા અને દેખરેખ માટે મોકલશે.

(૫) સંબંધિત રજિસ્ટ્રર થયેલ ખાનગી શાળા પસંદગી સમિતિ તરફથી મળેલ ફાળવણી પત્ર મળ્યાની તારીખથી સાત દિવસની અંદર નિમણૂક પત્ર રવાના કરશે.

(૬) પસંદ થયેલા ઉમેદવારે નિમણૂક પત્ર મળ્યાની તારીખથી સાત દિવસની અંદર સંબંધિત શાળા ખાતે હાજર થવાનું રહેશે.

(૭) રજિસ્ટ્રર થયેલી ખાનગી શાળાના સંબંધિત સંચાલક બોર્ડ અને રજિસ્ટર થયેલી ખાનગી શાળાના આચાર્ય અને સંબંધિત ઉમેદવારની પસંદગી સમિતિ અને સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારી આવો ઉમેદવાર ફરજ પર હાજર થયા પછી જાણ કરવામાં આવશે.

(૮) જો રજિસ્ટર થયેલી ખાનગી શાળાનું સંચાલક બોર્ડ પસંદ થયેલા ઉમેદવારને ઠરાવેલા સમયની અંદર ફરજ પર હાજર ન થવા દે તે જગા માટે ત્રણ વર્ષ સુધી કોઈ ઉમેદવાર ફાળવવામાં આવશે નહિ. આવા કેસોમાં રાજ્ય સરકાર પણ ગ્રાન્ટ-ઈન એઈડ કોડ, ૧૯૬૪ ની જોગવાઈઓ અનુસાર જરૂરી પગલાં લઈ શકશે.

**૧૪. પસંદગી સમિતિનો નિર્ણય આખરી હોવા બાબત.-**

પસંદગી સમિતિને એવી ખાતરી ન થાય કે ઉમેદવાર તમામ રીતે લાયક છે અને તમામ જરૂરિયાતોનું પાલન કર્યું છે, તો તે ઉમેદવારની જગા માટેની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

**૧૫. નિમણૂક માટેના હક ન મળવા બાબત.-**

પસંદગી યાદીમાં સમાવેશ થવા માત્રથી ઉમેદવારને નિમણૂક મેળવવાનો કોઇ હક મળશે નહિ અને ઉમેદવાર કોઇ જગા પર નિમણૂક માટે બધી રીતે યોગ્ય છે તે માટેની જરૂરી તપાસ પછી, પસંદગી સમિતિને ખાતરી થાય તે સિવાય, કોઇ ઉમેદવારને તેની જગા પર નિમણૂક આપવામાં આવશે નહિ.

**૧૬. ખર્ચ અને બેંક ખાતું.-**

(૧) પસંદગી સમિતિ રાષ્ટ્રીયકૃત બેંકમાં એક પર્સનલ લેજર એકાઉન્ટ હિસાબ ખોલશે.

(૨) પસંદગી સમિતિ સ્ટાફના અધ્યક્ષ, આ નિયમો હેઠળના કાર્ય બજાવવા માટેના ખર્ચ કરવા સત્તા આપવામાં આવશે.

(૩) જો ઉમેદવારોની પસંદગી માટેનો કુલ ખર્ચ અરજી ફીનાં સ્વરૂપે મળેલ રકમ કરતા વધી જાય તો આવી રકમનો ખર્ચ સરકારે કરવાનો રહેશે.

**૧૭. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત.-**

(૧) (ક) જેના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યકિત સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઈપણ વ્યકિત, અથવા

(ખ) જેના પતિ/પત્ની હયાત હોય તેવી કોઈપણ વ્યકિતએ, કોઈપણ વ્યકિત સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તો તે વ્યકિત,

સદરહુ જગા પર નિમણૂકને પાત્ર થશે નહિઃ

પરંતુ સરકારને એવી ખાતરી થાય કે આવું લગ્ન, આવી વ્યકિતને અને લગ્નના અન્ય પક્ષકારને લાગુ પડતા અંગત કાયદા હેઠળ માન્ય છે અને તેને તેમ કરવા માટે બીજા કારણો છે તો કોઈપણ વ્યકિતને આ નિયમના અમલમાંથી મુકિત આપી શકશે.

(૨) ઉમેદવારે, પરિણીત છે કે કેમ તે બાબત અને પુરુષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતાં વધુ પત્ની હયાત છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, જેને બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે તેણીએ લગ્ન કર્યા છે કે કેમ તે બાબત અરજીપત્રમાં જાહેર કરવી જોઈશે.

**૧૮. શિસ્ત વિષયક પગલાં.**- જે કોઇ ઉમેદવાર,-

(ક) તેની ઉમેદવારી માટે કોઇપણ રીતે સહાય મેળવવા બદલ;અથવા

(ખ) બીજાનું નામ ધારણ કરવા બદલ; અથવા

(ગ) કોઇ વ્યકિત પાસે તેનું નામ ધારણ કરાવવા બદલ;

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા બદલ;

(ચ) સાચા ન હોય તેવા અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા બદલ;

(છ) પસંદગી માટે તેની ઉમેદવારીના સંબંધમાં કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા બદલ;

(જ) પસંદગી પ્રક્રિયા દરમિયાન ગેરરીતિઓનો ઉપયોગ કરવા બદલ; અથવા

(ઝ) પસંદગી સમિતિ રોકેલા સ્ટાફને હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા બદલ; અથવા

(ટ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા પૈકીના તમામ અથવા કોઇ કાર્ય કરવા માટે અથવા યથા-પ્રસંગ, દુષ્પ્રેરણ કરવા બદલ;

દોષિત હોય અથવા પસંદગી સમિતિ દ્વારા દોષિત ઠરાવવામાં આવેલ હોય તેવો ઉમેદવાર શિક્ષક અથવા આચાર્યની નિમણૂંક માટે અથવા યથાપ્રસંગ, પાંચ વર્ષની મુદત સુધી ગેરલાયક ઠરાવવામાં આવશે.

**૧૯. અજમાયશની મુદત.**- નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારને સંબંધિત જગા પર નિમણૂક મળ્યે, ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ ના નિયમ ૨૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અજમાયશ પર રાખવામાં આવશે.

**૨૦. તબીબી પરિક્ષણ.**- નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારે, ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ ના નિયમ ૨૧માં જોગવાઇ કર્યા પ્રમાણે યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવુ જોઇશે.

## પરિશિષ્ટ-૧

### (જુઓ નિયમ ક્રમાંક ૧૧(૩))

(૧) આચાર્યની જગા માટે

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧. | સ્નાતક પદવી એટલે કે બી.એ./બી.એસ.સી. વગેરે. | ૦૫ |
| ૨. | અનુસ્નાતક પદવી એટલે કે એમ.એ./એમ.એસ.સી. વગેરે. | ૦૭ |
| ૩. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ./બી.પી.એડ. વગેરે. | ૦૫ |
| ૪. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ./એમ.પી.એડ વગેરે. | ૦૮ |
| ૫. | દસ વર્ષથી વધુનો અનુભવ, પ્રતિ વર્ષ ૦.૫ ગુણ | ૦૫ |
| | કુલ | ૩૦ |

(૨) ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની જગા માટે :-

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૨. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | ૧૦ |
| ૩. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ./બી.પી.એડ. વગેરે. | ૦૫ |
| ૪. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ./એમ.પી.એડ વગેરે. | ૦૫ |
| | કુલ | ૩૦ |

(૩) માધ્યમિક શિક્ષકની જગા માટે :-

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૨. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી (ધરાવતો હોય તો) | ૧૦ |
| ૩. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ./બી.પી.એડ. વગેરે. | ૦૫ |
| ૪. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ./એમ.પી.એડ વગેરે. (ધરાવતો હોય તો) | ૦૫ |
| | કુલ | ૩૦ |

(૪) ખાસ શિક્ષકની જગા માટે :-

(૧) ચિત્રકામ શિક્ષક :

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧. | લલિત કલામાં ડિપ્લોમા | ૧૫ |
| ૨. | લલિત કલામાં સ્નાતક પદવી (ધરાવતો હોય તો) | ૧૫ |
| | કુલ | ૩૦ |

(૨) હસ્તકલા અને ઉદ્યોગ શિક્ષક :-

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧. | એચ.એસ.સી. | ૧૦ |
| ૨. | સંબંધિત વિષયમાં ઇજનેરીમાં ડિપ્લોમા | ૧૦ |
| ૩. | સંબંધિત વિષયમાં ઇજનેરીમાં સ્નાતક પદવી (ધરાવતો હોય તો) | ૧૦ |
| | કુલ | ૩૦ |

**(૩) વ્યાયામ શિક્ષણ શિક્ષક :-**

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧. | એચ.એસ.સી. | ૦૫ |
| ૨. | સી.પી.એડ. | ૦૫ |
| ૩. | ડી.પી.એડ. | ૦૫ |
| ૪. | વ્યાયામ શિક્ષણમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૫. | કોઈપણ વિષયમાં સ્નાતક પદવી | ૦૫ |
| | કુલ | ૩૦ |

**(૪) સંગીત શિક્ષક :-**

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧. | એચ.એસ.સી. | ૧૫ |
| ૨. | સંગીતમાં સ્નાતક પદવી | ૧૫ |
| | કુલ | ૩૦ |

## પરિશિષ્ટ-૨

### (જુઓ નિયમ ક્રમાંક ૧૧(૧)(ઘ) અને ૧૧(૨))

### ઉદાહરણ

**(૧) ૭૦ % ભારાંકનની ગણતરી**

ઉમેદવારે બોર્ડ દ્વારા યોજાયેલી શિક્ષક અભિરૂચિ કસોટી(TAT) માં ૨૫૦ ગુણમાંથી ૧૭૫ ગુણ મેળવેલા હોય તો પસંદગી માટે તે ૧૭૫x૭૦/૨૫૦=૪૯ મેળવે છે.

**(૨) ૩૦ % ભારાંકનની ગણતરી**

**(૧) આચાર્યની જગા માટે**

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સ્નાતક પદવી એટલે કે બી.એ./બી.એસ.સી. વગેરે. | ૦૫ | ૫૦ | ૨.૫ |
| ૨. | અનુસ્નાતક પદવી એટલે કે એમ.એ./એમ.એસ.સી વગેરે. | ૦૭ | ૬૦ | ૪.૨ |
| ૩. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ./બી.પી.એડ. વગેરે. | ૦૫ | ૮૦ | ૪.૦ |
| ૪. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ./એમ.પી.એડ. વગેરે. | ૦૮ | ૭૦ | ૫.૬ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૫. | દસ વર્ષથી વધુનો અનુભવ (પ્રતિ વર્ષ ૦.૫ ગુણ) | ૦૫ | ૧૨ વર્ષ (૧૦ વર્ષ કરતાં વધુ, ૨ વર્ષ એટલે કે ૨ x ૦.૫ | ૧.૦ |
| | કુલ | ૩૦ | | ૧૭.૩ |

**(૨) ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની જગા માટે :-**

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ | ૭૦ | ૭.૦ |
| ૨. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | ૧૦ | ૬૦ | ૬.૦ |
| ૩. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ./બી.પી.એડ. વગેરે. | ૦૫ | ૮૦ | ૪.૦ |
| ૪. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ./એમ.પી.એડ. વગેરે. | ૦૫ | ૬૦ | ૩.૦ |
| | કુલ | ૩૦ | | ૨૦ |

**(૩) માધ્યમિક શિક્ષકની જગા માટે :-**

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ | ૬૦ | ૬.૦ |
| ૨. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી (ધરાવતો હોય તો) | ૧૦ | ૮૦ | ૮.૦ |
| ૩. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ./બી.પી.એડ. વગેરે. | ૦૫ | ૬૦ | ૩.૦ |
| ૪. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ./એમ.પી.એડ. વગેરે. (ધરાવતો હોય તો) | ૦૫ | ૬૦ | ૩.૦ |
| | કુલ | ૩૦ | | ૨૦ |

(૪) ખાસ શિક્ષકની જગા માટે :-

(૧) ચિત્રકામ શિક્ષક :

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | લલિત કલામાં ડિપ્લોમા | ૧૫ | ૬૦ | ૯.૦ |
| ૨. | લલિત કલામાં સ્નાતક પદવી (ધરાવતો હોય તો) | ૧૫ | ૫૦ | ૭.૫ |
| | કુલ | ૩૦ | | ૧૬.૫ |

(૨) હસ્તકલા અને ઉદ્યોગ શિક્ષક :-

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | એચ.એસ.સી. | ૧૦ | ૭૦ | ૭.૦ |
| ૨. | સંબંધિત વિષયમાં ઇજનેરીમાં ડિપ્લોમાં | ૧૦ | ૬૦ | ૬.૦ |
| ૩. | સંબંધિત વિષયમાં ઇજનેરીમાં સ્નાતક પદવી (ધરાવતો હોય તો) | ૧૦ | ૫૦ | ૫.૦ |
| | કુલ | ૩૦ | | ૧૮.૦ |

(૩) વ્યાયામ શિક્ષણ શિક્ષક :-

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | એચ.એસ.સી. | ૦૫ | ૬૦ | ૩.૦ |
| ૨. | સી.પી.એડ. | ૦૫ | ૬૦ | ૩.૦ |
| ૩. | ડી.પી.એડ. | ૦૫ | ૫૦ | ૨.૫ |
| ૪. | વ્યાયામ શિક્ષણમાં સ્નાતક પદવી | ૧૦ | ૭૦ | ૭.૦ |
| ૫. | કોઈપણ વિષયમાં સ્નાતક પદવી | ૦૫ | ૬૦ | ૩.૦ |
| | કુલ | ૩૦ | | ૧૮.૫ |

(૪) સંગીત શિક્ષક :-

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | એચ.એસ.સી. | ૧૫ | ૬૦ | ૯.૦ |
| ૨. | સંગીતમાં સ્નાતક પદવી | ૧૫ | ૬૦ | ૯.૦ |
| | કુલ | ૩૦ | | ૧૮ |

ઉપરોકત ઉદાહરણ અનુસાર ઉમેદવારનો ગુણવતા ક્રમાંક નીચેની જગા માટે નકકી કરવામાં આવશે.

| ક્રમાંક | જગા | શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલા ગુણ એટલે કે ૭૦ % માંથી | લાયકાત અનુસાર મેળવેલા ગુણ એટલે કે ૩૦ % માંથી | પસંદગી યાદીમાં સમાવેશ માટે ગુણવતાના કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | આચાર્ય | ૪૯ | ૧૮ | ૬૭ |
| ૨. | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક | ૪૯ | ૨૧ | ૭૦ |
| ૩. | માધ્યમિક શિક્ષક | ૪૯ | ૨૧ | ૭૦ |
| ૪. | ખાસ શિક્ષક | | | |
| | (૧) ચિત્રકલા શિક્ષક | ૪૯ | ૧૬.૫ | ૬૫.૫ |
| | (૨) હસ્તકલા અને ઉદ્યોગ શિક્ષક | ૪૯ | ૧૮ | ૬૭ |
| | (૩) વ્યાયામ શિક્ષણ શિક્ષક | ૪૯ | ૧૮.૫ | ૬૭.૫ |
| | (૪) સંગીત શિક્ષક | ૪૯ | ૧૮ | ૬૭ |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એલ. પટેલ,

સરકારના નાયબ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

| Code TAT Title | Code Education | |
|---|---|---|
| 11 TAT for Principal by GSHSEB | 11 Graduate + M.Ed./M.P.Ed. + 7 years Experience. in teaching/supervision at Secondary or higher Secondary level Government or Ragistred Private Grant in aid School or<br>Post Graduate + B.Ed./B.P.Ed. + 7 years Experience. in teaching/ supervision at Secondary and higher Secondary level Government or Ragistred Private Grant in aid School or<br>Graduate + B.Ed./B.P.Ed. + 15 years Experience. in teaching/supervision at Secondary and higher Secondary level Government or Ragistred Private Grant in aid School | |
| 15 TAT for Secondary Teacher (Gujarati) | 15 B.A. With Gujarati or Equivalent | + B.Ed. or Equivalent |
| 16 TAT for Secondary Teacher (English) | 17 B.A. With English or Equivalent | + B.Ed. or Equivalent |
| 17 TAT for Secondary Teacher (Hindi) | 16 B.A. With Hindi or Equivalent | + B.Ed. or Equivalent |
| 18 TAT for Secondary Teacher (Sanskrit) | 18 B.A. With Sanskrit or Equivalent | + B.Ed. or Equivalent |
| 19 TAT for Secondary Teacher (Maths or Science) | 19 B.Sc. With Maths or Science as a Subject | + B.Ed. or Equivalent |
| 20 TAT for Secondary Teacher (Social Science) | 20 B.A. With History or Equivalent | + B.Ed. or Equivalent |
| | 20 B.A. With Geography or Equivalent | + B.Ed. or Equivalent |
| | 20 B.A. With Political Science or Equivalent | + B.Ed. or Equivalent |
| | 20 B.A. With Economics or Equivalent | + B.Ed. or Equivalent |
| | 20 B.A. With Sociology or Equivalent | + B.Ed. or Equivalent |
| | 20 B.A. With Social Science or Equivalent | + B.Ed. or Equivalent |
| 21 TAT for Secondary Teacher (Physical Education) | 21 Graduate or Equivalent | + D.P.Ed / B.P.Ed. |
| | 21 B.P.E (3 to 4 Year curriculum) | |
| 23 TAT for Secondary Teacher (Drawing) | 23 Graduate or Equivalent | + Diploma in Drawing |
| | 23 Degree With Drawing | |
| 24 TAT for Secondary Teacher (Music) | 24 Sangit Visharad | |
| 25 TAT for Secondary Teacher (Agriculture) | 25 B.R.S | + D.B.Ed. / B.Ed. or Equivalent |

| Code TAT Title | Code Education | | |
|---|---|---|---|
| 51 TAT for Higher Secondary Teacher (Gujarati) | 51 B.A. With Gujarati or Equivalent | M.A With Gujarati or Equivalent | + B.Ed. or Equivalent |
| 52 TAT for Higher Secondary Teacher (English) | 52 B.A. With English or Equivalent | M.A With English or Equivalent | + B.Ed. or Equivalent |
| 53 TAT for Higher Secondary Teacher (Hindi) | 54 B.A. With Hindi or Equivalent | M.A With Hindi or Equivalent | + B.Ed. or Equivalent |
| 54 TAT for Higher Secondary Teacher (Sanskrit) | 53 B.A. With Sanskrit or Equivalent | M.A With Sanskrit or Equivalent | + B.Ed. or Equivalent |
| 55 TAT for Higher Secondary Teacher (Maths) | 55 B.Sc. With Maths | M.Sc With Maths | + B.Ed. or Equivalent |
| 56 TAT for Higher Secondary Teacher (Biology) | 56 B.Sc. With Botony / Biology | M.Sc With Botony/ Biology | + B.Ed. or Equivalent |
| | 56 B.Sc. With Zoology | M.Sc With Zoology | + B.Ed. or Equivalent |
| | 56 B.Sc. With Micro Biology | M.Sc With Micro Biology | + B.Ed. or Equivalent |
| 57 TAT for Higher Secondary Teacher (Chemistry) | 57 B.Sc. With Chemistry | M.Sc With Chemistry | + B.Ed. or Equivalent |
| 58 TAT for Higher Secondary Teacher (Physics) | 58 B.Sc. With Physics | M.Sc With Physics | + B.Ed. or Equivalent |
| 59 TAT for Higher Secondary Teacher (Accounts Commerce) | 59 B.Com. With Account and Audit or Business Administrate | M.Com. With Account and Audit or Business Administrate | + B.Ed. or Equivalent |
| 60 TAT for Higher Secondary Teacher (Psychology) | 60 B.A. With Psychology or Equivalent | M.A. With Psychology or Equivalent | + B.Ed. or Equivalent |
| 61 TAT for Higher Secondary Teacher (Economics) | 61 B.A. With Economics or Equivalent | M.A. With Economics or Equivalent | + B.Ed. or Equivalent |
| 62 TAT for Higher Secondary Teacher (Statistics) | 62 Graduate With Statistics or Equivalent | Post Graduate in Statistics or Equivalent | + B.Ed. or Equivalent |
| 63 TAT for Higher Secondary Teacher (Geography) | 63 B.A. With Geography or Equivalent | M.A. With Geography or Equivalent | + B.Ed. or Equivalent |
| 64 TAT for Higher Secondary Teacher (Sociology) | 64 B.A. With Sociology or Equivalent | M.A. With Sociology or Equivalent | + B.Ed. or Equivalent |
| 65 TAT for Higher Secondary Teacher (Philosophy) | 65 B.A. With Philosophy or Equivalent | M.A. With Philosophy or Equivalent | + B.Ed. or Equivalent |
| 66 TAT for Higher Secondary Teacher (Physical Education) | 66.Graduate or Equivalent | Post Graduate or Equivalent ( M.A/M.Com./ M.Sc) | + D.P.Ed / B.P.Ed or Equivalent |
| | 66 B.P.E (3 to 4 Year curriculum) | M.P.E | |

Note: Go as per above and arrange exam. It is ready solution and GSHSEB can launch within 2/3 days for inviting applications

--GSHSEB can also plan exam simultaneously with building preparations.
--Plan physical form receiving centers
--Plan Fees acceptance modality
--Attendance Sheets and Packing Memos are also system generated
--SEB has used it efficiently TET for primary teachers
--Database with all parameters for future matching for doing averaging marks if appeared more than once

D:\TAT\Code TAT Title Code Education.doc